
# એવોર્ડ વિનર વાર્તા 'ચણીબોર'ના સર્જક ચંદ્રાબેન શ્રીમાળીને ગાંધીનગર સાહિત્ય સભાની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય, જાણીતા સાહિત્યકાર અને પૂર્વ ધારાસભ્ય શ્રીમતી ચંદ્રાબહેન શ્રીમાળીનું દસમી ઓક્ટોબરે અવસાન થયું હતું. સુરેન્દ્રનગરના દસાડા પાટડી વિસ્તારમાંથી અનામત સીટ પરથી જીતીને ધારાસભ્ય રહી ચૂકેલા અને જાહેર જીવનમાં સક્રિય ઉમદા સમાજસેવિકા અને નારી ચેતના, દલિત ચેતના અને સમાજ પ્રત્યેની પોતાની કૃતિઓમાં ઉજાગર કરતા લેખિકા શ્રીમતી ચંદ્રાબહેન સુરેશકુમાર શ્રીમાળી ગુજરાતી સાહિત્યના જાણીતા લેખિકા હતા. ૧૯૫૦ના રોજ અમદાવાદમાં તેમનો જન્મ થયો હતો. ગુજરાતી હિન્દી વિષય સાથે એમ એ અને સુરેન્દ્રનગરના દસાડામાં પાટડીની અનામત સીટ પરથી ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા અને




સમાજસેવા કરી હતી.

આ સર્જકનું દલિત સાહિત્યમાં આગવું પ્રદાન છે. ૧૯૯૩માં મનીષ પરમારના મળી હતી. હરીશ મંગલમ અને આ વાર્તા જિલ્લા સમાચારમાં પ્રગટ કરી ત્યારબાદ આ સર્જકનું સર્જન અવિરત ચાલતું રહ્યું હતું. ચાહના સામાયિકના સહતંત્રી તરીકે અને ભૂજથી પ્રગટ થતાં એક સાપ્તાહિકના સહતંત્રી તરીકે પણ એમણે સેવાઓ આપી છે. તેમનાં પુસ્તકો ગોરંભો, ચણીબોર, વલોણું, ચકુનો વર, માનો પ્રતાપ, ચૂડલા ક્રમ, મિજાજ, ઓવારણા, ચંદ્રા શ્રીમાળીની દલિત સ્ટોરી વગેરે પુસ્તકો પ્રકાશિત થયા છે.

સામાજિક અને સાહિત્ય ક્ષેત્રે ચંદ્રાબહેન શ્રીમાળીની વિદાયથી ખાલીપો વર્તાય છે. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, ઉપાધ્યક્ષ




કાયદાની ઉપાધી મેળવી હતી. તેઓએ ચિત્ર શિક્ષક તરીકે એમણે પોતાની કારકિર્દી શરુ કર્યા બાદ ગાંધીનગરમાં ડિઝાઈન સર્કલમાં ૧૯૮૪ સુધી સેવા આપી હતી. અને પછી ૧૯૮૫ થી ૧૯૯૦ કાવ્યો અને સંપાદન ગોરંભો પ્રકાશિત કરી હતી જે પુરસ્કૃત પણ થયું હતું. મુંબઈના સમકાલીનની વાર્તા સ્પર્ધામાં વાર્તા ચણીબોર પ્રગટ થઈ હતી અને ગુલાબદાસ બ્રોકરના હસ્તે પ્રથમ પુરસ્કાર પણ કલ્પેશ પટેલ, મહામંત્રી રમેશ ઠક્કર, સલાહકાર કિશોર જિકાદરા અને કારોબારી સભ્યો અને સૌ સાહિત્ય મિત્રોએ ચંદ્રાબહેન શ્રીમાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

# સરકારી ઈજનેરી કૉલેજ, ગાંધીનગર ખાતે 'પ્રોસેસિંગ એન્ડ કેરેક્ટરાઈજેશન-૨૦૨૦'નું આયોજન




ગાંધીનગર, તા. ૧૩

ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળના મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે સાપ્તાહિક ટેકનીકલ વેબિનાર સીરીજ "પ્રોસેસિંગ એંડ કેરેક્ટરાઈજેશન (PCM 2020)" નું આયોજન ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેટલ્સ – બરોડા ચેપ્ટર ના સંયોજન થી તારીખ ૧૨ થી ૧૬ ઓકટોબર ૨૦૨૦ દરમિયાન કરવામાં આવેલ છે. આ વેબિનાર સીરીજના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો ડૉ. ડી. જી. શર્મા તથા ડી. વી. મહંત છે. ઉપરોક્ત તાલીમમાં ભારતવર્ષની વિવિધ નામાંકિત યુનિવર્સીટીયો, અને ઈંડસ્ટ્રીજ જેવી કે આઈઆઈટી, એનાઈટી, એમએસયુ બરોડા, જીટીયુ, પીડીપીયુ, જિંદાલ સ્ટીલ, ભારત ફોર્જ, ટાટા સ્ટીલ, વેલ્સ્પનર કોર્પોરેશન, એનએમડીસી લિમીટેડ, સ્ટીલ અથોરીટી ઓફ ઈંડીયા ખાતેથી ૨૫૧ પાર્ટીશિપેંટ્શ ભાગ લીધેલ છે જેનો મુખ્ય હેતુ મટિરિયલ્સની આધુનીક પ્રક્રિયા અને તેના વિવિધ કેરેક્ટરાઈજેશન વિષયનું તજજ્ઞનો દ્વારા તાલીમ આપવાનું છે. વેબિનાર - સીરીજનું ઉદઘાટન કુશલ સાહા, સેક્રેટરી જનરલ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેટલ્સ ના હસ્તે ડૉ. સ્વેતા. પી. દવે, આચાર્ય, સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર, ડૉ. આઈ. બી. દવે, મેટલર્જી વિભાગના વડા, ડૉ. એસ. ડી. કાહર, ચૈરમેન, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેટલ્સ–બરોડા ચેપ્ટર તથા વિવિધ ખાતાના વડાઓની ઉપસ્થિતિમાં ૧૨મી ઓકટોબર ૨૦૨૦ રોજ કરવામાં આવેલ હતું.

# સરસ્વતી ઇન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ ખાતે ૩ દિવસનો વર્ચ્યુઅલ શોર્ટ ટર્મ ટ્રેનીંગ પ્રોગ્રામ યોજાયો




ગાંધીનગર, તા. ૧૩

સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ, ગાંધીનગર ખાતે ગુજરાત કાઉન્સીલ ઓફ સાઈન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) તથા ડીપાર્ટમેન્ટ ઓફ સાઈન્સ એન્ડ ટેકનોલોજી (ડી.એસ.ટી.), ગુજરાત રાજયના સહયોગ થી રાષ્ટ્રીય લેવલની ૩ દિવસની વર્ચ્યુઅલ શોર્ટ ટર્મ ટ્રેનીંગ પ્રોગ્રામ યોજાઈ ગયો. આ પ્રોગ્રામ "એપ્લીકેશન ઓફ આઉટકમ બેઝડ લર્નિંગ ઈન ફાર્મસી એન્ડ પ્રોસેસ ઓફ એન.બી.એ." ના ટાઈટલ (બેનર) હેઠળ તારીખ ૦૭ થી ૦૯ ઓક્ટોબર ૨૦૨૦, ત્રણ દિવસ માટે આયોજિત થયો હતો. આ કાર્યક્રમ માં દેશભરમાંથી કુલ ૬૫ કોલેજો તથા કુલ ૧૨ ફાર્મસી કોલેજોના આચાર્યો અને કુલ ૧૬૩ પ્રતિનિધિઓએ સક્રિયતાથી ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માં દેશભરમાંથી વ્યાખ્યાતા બોલવામાં આવ્યા હતા જેમણે ખુબજ સરસ માર્ગદર્શન પ્રતિનિધિઓને પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં સંસ્થાના પ્રિન્સીપાલ ડૉ. એસ. કે. શાહ દ્વારા સંસ્થાની તથા આ પ્રોગ્રામની માહિતી તમામ પ્રતિનિધીઓને આપી હતી. આ સાથે સંસ્થાના પ્રોફેસર અને હેડ ડીપાર્ટમેન્ટ ઓફ ક્વોલીટી એસ્યોરન્સ અને ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી ડૉ. અંકિત બી. ચૌધરી દ્વારા ઉદ્‌ઘાટન માં આવેલા મહેમાનોનો પરિચય આપ્યો ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. પૂનમ ભાર્ગવા (પ્રિન્સીપાલ સાયન્ટીફીક ઓફિસર, ગુજકોસ્ટ, ગાંધીનગર) મેડમને આમંત્રિત કરવામાં આવ્યા હતા તથા પ્રતિષ્ઠીત મહેમાન તરીકે ડૉ. પ્રવીણ ચૌધરી (પ્રેસીડેન્ટ, એ.પી.ટી.આઈ. સેન્ટ્રલ, અને પ્રિન્સીપાલ, પી.ઈ.એસ. મોર્ડન કૉલેજ, પુણે, મહારાષ્ટ્ર)ને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

પ્રોગ્રામના અંતમાં સંસ્થા દ્વારા ૩ દિવસની રાષ્ટ્રીય વર્ચ્યુઅલ શોર્ટ ટર્મ ટ્રેનીંગ પ્રોગ્રામની પુર્ણાહુતી વિદાય આપતા સમારંભ સાથે યોજાઈ હતી. વિદાય સમારંભમાં મુખ્ય મેહમાન તરીકે પ્રો. (ડૉ.) નવીન શેઠ (કુલપતિ, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી, અમદાવાદ) હાજર રહ્યા હતા તથા સન્માનીય મહેમાન તરીકે પ્રો. (ડૉ.) મધુસુધન સરાફ (પ્રિન્સીપાલ, એચ. કે. કૉલેજ ઓફ ફાર્મસી, મુંબઈ) હાજર રહ્યા હતા.

# જન્મદિને વધામણી



હેમાંગભાઈ દોશી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ, ટ્રસ્ટી



અશ્વિન કે વ્યાસ (કૂકર)
મો. ૯૮૨૫૦ ૩૯૦૪૯



જીલ પટેલ
મો. ૬૩૫૫ ૭૮૩ ૦૮૦



ફાલ્ગુની
કમલેશકુમાર પરમાર



સંદીપકુમાર
ગણપતભાઈ પ્રજાપતિ
મો. ૯૫૭૪૯ ૫૩૨૧૩



સ્તુતિ નિલેશ પટેલ
મો. ૯૯૭૪૧ ૦૩૭૪૧



વાઘેલા જયદીપસિંહ
સુરેન્દ્રસિંહ
મો. ૭૮૧૭૦ ૫૦૧૭૨



મોહિત કનુભાઈ પટેલ
મો. ૭૦૪૮૨ ૯૫૩૮૬



વાઘેલા બલવંતસિંહ
પ્રભાતસિંહ
મો. ૮૫૧૧૦ ૭૭૧૭૫



ધનવી મયુર જોષી



માસ્ક પહેરો...
કોરોનાથી બચો...


જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# શારીરિક શિક્ષણ વિભાગ સાદરા દ્વારા 'સોશ્યલ મીડિયા કી લત' વિષય પર રાષ્ટ્રીય કક્ષાનો વેબીનાર

ચિલોડા, તા. ૧૩


ગૂજરાત વિધાપીઠસંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરામાં સોશલ મીડિયા કી લત વિષય પર રાષ્ટ્રીય કક્ષાનો વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ સરસ અને ખુબજ પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું જેમાં કઈ રીતે આજના નવ યુવાનો સોશ્યલ મીડિયાના બંધાણી બની ગયા છે અને તેના વગર રહી શકતા નથી અને પોતાના કિંમતી સમય તેમાં બગાડી રહ્યા છે અને કેવી રીતે આજના લોકો અને ખાસ કરીને કોલેજ અને સ્કૂલમાં ભળતાં વિધાર્થીઓએ સોશલ મિડીયાનું બેફામ ઉપયોગ કરીને મોતા ભાગના સમયનું ખોટું વ્યર્થ કરી રહ્યા છે જેમાં પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ વિશ્વ અને ભારતના આકડાઓ આપી યુવા વિદ્યાર્થીઓને સમજણ આપી હતી અને કેવી રીતે સોશ્યલ મીડિયાનું પ્રમાણસર સારા કામો માટે ઉપયોગ કરવું જોઈએ અને તેના ફાયદા સામાજીક અને અન્ય સારા કાર્યો માટે કરવું જોઈએ તેની સરસ દાખલા સાથે ચર્ચા કરી હતી આ વેબીનાર કાર્યક્રમમાં લગભગ ૧૦૦ જેટલા અધ્યાપકો અને વિધાર્થીઓ જોડાયા હતા વેબીનારમાં અતિથી પરિચય ડૉ. દલસંગભાઈ ચૌધરીએ આપ્યું હતું અને તેમને પણ સોશ્યલ મીડિયાની વધતી બિનજરૂરી ઉપયોગ પર ચિંતા કરી હતી કાર્યક્રમમાં સંસ્થાના ભૂતપૂર્વ વિધાર્થીઓ પણ આ વિષય પર હકારાત્મક ચર્ચા અને ઉકેલો વિશે વાત કરી હતી વેબીનારના અંતે આભાર દર્શન પણ ડૉ. દલસંગભાઈ ચૌધરીએ આપ્યું હતું.




# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે 'માસ્ટર ક્લાસ : ફાઈન ટ્યુન યોર સ્ટાર્ટઅપ પીચ' વિષય પર વેબિનાર

વલ્લભવિદ્યાનગર, તા. ૧૩

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે SSIP CELL દ્વારા તા : ૧૦/




૧૦/૨૦૨૦ના રોજ માસ્ટર ક્લાસ: ફાઈન ટ્યુન યોર સ્ટાર્ટઅપ પીચ' વિષય પર વેબિનાર યોજાયો.આ પ્રસંગે એક્સપર્ટ તરીકે નિખિલ સુથાર (CEO, વડોદરા સ્ટાર્ટઅપ સ્ટુડિયો,પારુલ યુનિવર્સીટી) ઉપસ્થિત રહ્યા હતા.તેમણે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી અંતર્ગત સ્ટાર્ટઅપ્સ,સ્ટાર્ટઅપ માટે જરૂરીયાતો જેવી કે પ્રોબ્લેમ આઈડેન્ટિફિકેશન,સોલ્યુશન્સ,બિઝનેસ મોડલ અંતર્ગત રેવેન્યુ, સેલ્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુશન, પ્રાઈસીંગ, લાઈફટાઈમ વેલ્યુ,માર્કેટ સાઈઝ, પોટેન્શિયલ, કેપેસીટી, કમ્પિટિટર એન્વાયર્નમેન્ટ વિષે રસપ્રદ માહિતી આપી હતી.

સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન. પટેલે જણાવ્યું હતું કે આપણા દેશ ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ આત્મનિર્ભર તથા વોકલ ફોર લોકલ થવાની દિશા માં જણાવ્યું છે તેમાં મહત્તમ સ્ટાર્ટ અપ રજીસ્ટર થાય તથા તેના દ્વારા વિપુલ પ્રમાણ માં રોજગારી ની તકો ઉભી થાય તે માટે સ્ટાર્ટ અપ ઈન્ડિયા તથા SSIP ગુજરાત સતત પ્રયત્નશીલ છે.વર્તમાન સમય_-૨૦ ક્રિકેટ માં પણ શિસ્ત-બદ્ધ રમત ના આયોજન માટે ક્રિકેટ પીચને ફાઈન ટ્યુન કરવી પડે છે ઉપરાંતએએમ,એફ.એમ રેડિયો માં પણ સ્ટેશન ના પ્રોગ્રામ સાંભળવા માટે રેડિયો ને ફાઈન ટ્યુન કરવો જરૂરી છે તેજ રીતે સ્ટાર્ટ-અપ માટે પણ આઈડેશન પૂરતું સીમિત ના રહીને તેને સ્ટાર્ટ-અપ સુધી લઈ જવું એ માટે સ્કિલ્સ,નોલેજ તથા ઈનોવેશન નું ફાઈન ટ્યુન જરૂરી છે. આ ઉપરાંત બીવીએમ ના ૮૫ ઈન્ડસ્ટ્રી સાથે ના એમ.ઓ.યુ તથા ૧૨ જેટલી વિદેશ ની યુનિવર્સીટી સાથે ના એમ.ઓ.યુ થયેલ છે જે બીવીએમ **SSIP CELL** સાથે ટીચર્સ, ઈનોવેટર્સ, રિસર્ચર્સ, વિદ્યાર્થીઓને **Proof of Concept,** પ્રોટોટાઈપ, IPR તથા સ્ટાર્ટઅપ માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે.

ઈવેન્ટ માં અલગ અલગ ૩૧ સ્ટાર્ટ અપ ગ્રુપે સ્ટાર્ટ અપ માટે જરૂરી ફેક્ટર્સ વિષે એક્સપર્ટ ની સલાહ લીધી હતી તથા એક્સપર્ટે તે પ્રશ્નોત્તરી દરમ્યાન ગુજરાત માં શરુ થયેલ સ્ટાર્ટ અપ વિષે પણ રસપ્રદ માહિતી આપી હતી.સમગ્ર ઈવેન્ટ નું સંચાલન ડૉ. રાજવીરસિંહ રાણા(કોર્ડીનેટર, SSIP CELL,BVM ) ના માર્ગદર્શન અંતર્ગત સ્ટુડન્ટ કોર્ડીનેટર્સ માનસી પટેલે તથા ઝીલારાજસિંહ મહિડા એ કર્યું હતું.અંતે ડૉ.કેયુર બ્રહ્મભટ્ટ (નોડલ ઓફિસર, SSIP CELL,BVM) એ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# આઈઆઈટીજીએન અને વીએમકેએસ વચ્ચે એમઓયુ થયા

નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) ના નેતૃત્વ હેઠળ નોંધાયેલ સોસાયટી - વી. એમ.કે. એસ., સિલેક્ટ થયેલી આઈઆઈટી ગાંધીનગરની બે વિદ્યાર્થીનીઓને તેમના બીટેક અભ્યાસના ચારેય વર્ષ માટે દર વર્ષે બંનેને રૂ. ૭૫,૦૦૦/- ની શિષ્યવૃત્તિ આપશે

ગાંધીનગર, તા. ૧૩

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) અને વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન (વી.એમ.કે.એસ.), જે નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) ના નેતૃત્વ હેઠળ નોંધાયેલ સોસાયટી છે, બંનેએ આઈઆઈટી ગાંધીનગરમાં બીટેકનો અભ્યાસ કરતી બે વિદ્યાર્થીનીઓને આર્થિક સહાય પૂરી પાડવા માટે એક સમજૂતી કરાર (એમઓયુ) કર્યા છે.

વી.એમ.કે.એસ. ના અધ્યક્ષ, સુશ્રી સરિતા ખરે અને આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો સુધિર કે જૈન વચ્ચે ૮ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા હતા. આ ઉદાત્ત ભાવનાયુક્ત સમજૂતીના ભાગ રૂપે, આઈઆઈટી ગાંધીનગરે સંસ્થામાં 'વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન શિષ્યવૃત્તિ' સ્થાપવાની સંમતિ આપી છે, જે આઈઆઈટી ગાંધીનગરની સિલેક્ટ થયેલી બે વિદ્યાર્થીનીઓને સંસ્થા ખાતે તેમના બીટેકના ચાર વર્ષના સમયગાળા માટે બંને વિદ્યાર્થીનીઓના શૈક્ષણિક ખર્ચ માટે દર વર્ષે રૂ. ૭૫,૦૦૦/- ની નાણાંકીય સહાય પ્રદાન કરશે.

આ શિષ્યવૃત્તિ આઈઆઈટી ગાંધીનગરની પ્રથમ વર્ષની બીટેક વિદ્યાર્થીનીઓને આપવામાં આવશે, જેમણે IIT JEE મેઈન્સ અને એડવાન્સ્ડ પરીક્ષાઓ ક્લિયર કરી દીધી છે અને સંસ્થામાં પ્રવેશ લેવાની ખાતરી કરી છે. શિષ્યવૃત્તિના વાર્ષિક રીન્યુયલ માટેના શૈક્ષણિક માપદંડને પૂર્ણ કરવાની શરતે આ જ વિદ્યાર્થીનીઓને દર વર્ષે તેમના અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ દરમિયાન આ શિષ્યવૃત્તિનો લાભ ચાર વર્ષ સુધી આપવામાં આવશે. સંસ્થામાં સિવિલ એન્જિનિયરિંગ/ કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગ / ઈલેક્ટ્રિકલ / મટિરીયલ્સ એન્જિનિયરિંગ / મિકેનિકલ એન્જિનિયરિંગ શિસ્તમાં પ્રવેશ મેળવેલ




વિદ્યાર્થીનીઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો સુધિર કે જૈને તેમના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું કે, "આઈઆઈટી ગાંધીનગર હંમેશાં ઈનક્લુઝિવિટીમાં વિશ્વાસ કરે છે અને તેના વિદ્યાર્થીઓને ક્યાંથી આવે છે અને તેમની નાણાંકીય પરિસ્થિતિ શું છે તેને મહત્વ આપ્યા વિના શૈક્ષણિક શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરે છે. મને ખૂબ જ આનંદ છે કે વી.એમ.કે.એસ. આઈઆઈટી ગાંધીનગરમાં મહિલા વિદ્યાર્થીનીઓને આર્થિક સહાય આપવા માટે 'વેગશક્તિ મહિલા કલ્યાણ સંગઠન શિષ્યવૃત્તિ્' સ્થાપવા આગળ આવી છે. આ ચોક્કસપણે છોકરીઓ માટે STEM શિક્ષણને ગતિ આપશે અને તેમના સપનાને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરશે."

આઈઆઈટી ગાંધીનગર ખાતે આ શિષ્યવૃત્તિ સ્થાપિત કરવા પાછળની પ્રેરણા જણાવતા, વી.એમ.કે.એસ.ના અધ્યક્ષ સુશ્રી સરિતા ખરેએ કહ્યું કે, "હું દ્રઢપણે માનું છું કે જો તમે કોઈ છોકરીને શિક્ષિત કરો છો, તો તમે રાષ્ટ્રને શિક્ષિત કરો છો. વી.એમ.કે.એસ.નો ઉદ્દેશ આવનારા વર્ષોમાં દેશના આર્થિક રીતે નબળા વર્ગમાંથી આવનારી હોંશિયાર છોકરીઓ માટે આવી ઘણી તકો ઊભી કરવાનો છે અને તેમની મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે તેમને પ્રોત્સાહિત કરવાનો છે. આ જોડાણ માટે અમે આઈઆઈટી ગાંધીનગરનો હૃદયપૂર્વક આભાર માનીએ છે."